પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૮ | ૨૦ માર્ચ, ૨૦૧૭, સોમવાર ; ફાગણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

સત્તાણુ વર્ષે વૃધ્ધે લીધુ કોલેજમાં એડમીશન

લીમ્કા બુક ઓફ રેકોર્ડસની યાદીમાં સામેલ રાજકુમાર વૈશ્યએ સત્તાણું વર્ષની વયે નાલંદા ઓપન યુનિવર્સિટીમાં માસ્ટર ઓફ ઈકોનોમીક્સમાં એડમીશન લીધુ હતુ. પારિવારિક જવાબદારીને કારણે માસ્ટર ડિગ્રી મેળવી નહિ શકવાનો રંજ તેમને સતાવતો હતો.

ડો. ગુલાટી કપિલ શર્માનો શો છોડે છે

કપિલ શર્મા ટીમ સાથે ઓસ્ટ્રેલિયાનો શૉ કરી પરત ફરી રહ્યા હતા ત્યારે તેમણે પ્લેનમાં સુજાલ ગ્રોવરની બેઈજ્જતી કરી હતી અને અભદ્ર વ્યવહારને પગલે કપિલે ગ્રોવર સાથે હાથાપાઈ કરી હતી. જેથી હવે સુનિલ ગ્રોવર શૉ છોડી રહ્યા છે.

દેશની સૌથી લાંબી રોડ ટનલ તૈયાર

જમ્મુ-કાશ્મીરમાં દેશની સૌથી લાંબી હાઈવે ટનલ ટુંક સમયમાં ટ્રાફિક માટે ખુલ્લી મુકાશે. આજકાલ ફાઈનલ ટ્રાયલ ચાલી રહ્યુ છે. જમ્મુથી શ્રીનગરનું અંતર કાપવા અઢી કલાક બચશે. ટનલની લંબાઈ ૯.૨ કિલોમીટર છે.

સત્તર વર્ષની ઈન્દ્રાણી ૧.૬ કરોડનું ઈનામ જીતી

ભારતીય મૂળની ઈન્દ્રાણી અમેરિકામાં અભ્યાસ દરમ્યાન સાયન્સ પ્રોજેક્ટ માટે ૧.૬ કરોડનું ઈનામ જીતી છે. સત્તરસો સ્પર્ધકોને પાછળ છોડી ઈન્દ્રાણીએ એક કરોડ ત્રેસઠ લાખ છ્યાંસી હજાર બસો પચાસ કરોડની રકમ જીતી છે. આ સ્પર્ધાના ટોપ ટેનમાં ભારતના ચાર વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યુ હતુ.

મુંબઈમાં સંપૂર્ણ સ્વદેશી ટ્રેનો ''મેઘા''નો આરંભ

મુંબઈમાં લોકમાન્ય તિલક ટર્મિનલ પર ૪૩.૨૩ કરોડના ખર્ચે બનેલી સંપૂર્ણ સ્વદેશી ટ્રેન દાદરથી બોરીવલી વચ્ચે દોડતી થઈ છે.

ઉત્તર પ્રદેશમાં યોગીને રાજતિલક

શપથવિધિમાં મોદી, અમિત શાહ, શ્રેણીબદ્ધ રાજ્યોના મુખ્યપ્રધાનો ઉપસ્થિત રહ્યા : ૧૪ વર્ષના લાંબા ગાળા બાદ ભાજપની સત્તામાં શાનદાર વાપસી

લખનૌ, તા. ૧૯

ઉત્તરપ્રદેશમાં આખરે યોગી રાજની સ્થાપના થઈ ગઈ છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે આજે યોગી આદિત્યનાથની ભવ્ય કાર્યક્રમમાં તાજપોશી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, અનેક કેન્દ્રીય પ્રધાનો, ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને એનડીએ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. યોગી આદિત્યનાથને રાજ્યપાલ રામ નાયકે હોદ્દા અને ગુપ્તતાના શપથ સૌથી પહેલા લેવડાવ્યા હતા ત્યારબાદ તેમના કેબિનેટ અને રાજ્યમંત્રીઓને પણ શપથ અપાવવામાં આવ્યા હતા. લખનૌના પુર્વ મેયર દિનેશ શર્મા અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ કેશવ પ્રસાદ મોર્યએ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. શાનદાર શપથગ્રહણ

● અનુસંધાન પાન-૭ પર

શપથવિધિમાં મુલાયમસિંહે મોદીને કાનમાં કંઈક કહ્યું...

લખનૌ, તા. ૧૯

યોગી આદિત્યનાથે આજે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. શપથવિધિ કાર્યક્રમમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પહોંચ્યા હતા. શપથવિધિ કાર્યક્રમ વેળા દાખલારુપ રાજકીય બનાવ જોવા મળ્યા હતા. જેના ભાગરુપે ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમ સિંહ યાદવ મોદી સાથે કાનમાં ખાસ વાતચીત કરતા નજરે પડ્યા હતા

● અનુસંધાન પાન-૭ પર

ભાજપનો માસ્ટર સ્ટ્રોક

યોગીને મુખ્યમંત્રી બનાવીને ભાજપે માસ્ટરસ્ટ્રોક રમ્યો છે : ધ્રુવીકરણ કરવાના ઇરાદા હોવાના સ્પષ્ટ સંકેત

નવીદિલ્હી, તા. ૧૯

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે યોગી આદિત્યનાથને જવાબદારી સોંપવાનો નિર્ણય રાતોરાત લેવામાં આવ્યો નથી. યોગીને મુખ્યમંત્રી તરીકે બનાવીને ભાજપે માસ્ટર સ્ટ્રોક રમ્યો છે. એમ માનવામાં આવે છે કે, પાર્ટી ૨૦૧૯ની આગામી લોકસભાની ચૂંટણીની તૈયારીને ધ્યાનમાં લઈને આગળ વધી રહી છે. યોગી આદિત્યનાથને તમામ બાબતોને ધ્યાનમાં લઈને જ મોટી જવાબદારી સોંપવામાં આવી છે. આદિત્યનાથને મુખ્યમંત્રી બનાવવાનો નિર્ણય સાવચેતીપૂર્વક લેવાયો છે. યોગીની પ્રતિષ્ઠા એક હિન્દુવાદી નેતા તરીકે રહી છે. હિન્દુત્વવાદી રાષ્ટ્રીય એજન્ડાને ધ્યાનમાં લઈને તેમની પસંદગી કરાઈ છે. ગોરખપુરમાંથી પાંચ વખતના સાંસદ યોગીને ધ્રુવીકરણ કરવામાં નિષ્ણાત તરીકે ગણવામાં આવે છે. રાજકીય વિચારધારાની દ્રષ્ટિએ જોવામાં આવે તો યોગી એક રૂઢિવાદી દક્ષિણપંથી છે. ભારતના સૌથી મોટા પ્રદેશની સરકારને ચલાવવા માટે યોગીની પસંદગી કરીને મોદી અને શાહે સંકેત આપ્યો છે કે, તેઓ રાજનીતિને તેની પરંપરાગત અને સામાન્યરીતે અજમાવવા ઇચ્છુક નથી. સર્જિકલ સ્ટ્રાઇક અને નોટબંધી બાદ મોદી સરકાર આ નિર્ણય ઉપર ધ્યાન આપે તો માની શકાય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા ત્રીજી સૌથી મોટી રમત રમવામાં

● અનુસંધાન પાન-૭ પર

યોગી સરકારમાં મોહસીન રાજા રાજ્યમંત્રી બન્યા

યુપી સરકારમાં મુસ્લિમ ચહેરાને પણ સામેલ કરાયો ચૂંટણીમાં એકેય મુસ્લિમને ભાજપે ટિકિટ આપી ન હતી

લખનૌ, તા.૧૯

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ ફાળવણી સમયે મુસ્લિમોથી સંપૂર્ણપણે દૂર રહેનાર ભાજપે સરકારની રચનામાં થોડાક ફેરફાર કર્યા છે.

મુખ્યમંત્રી આદિત્યનાથની સરકારમાં એક મુસ્લિમ ચહેરાની એન્ટ્રી થઈ

● અનુસંધાન પાન-૭ પર

જીએસટી પુરક કાયદા પર આજે સક્રિય વિચારણા

સંસદના વર્તમાન સત્રમાં જ ચાર કાયદા પાસ થશે- પહેલી જુલાઈથી જીએસટીને અમલી બનાવવાની દિશામાં સરકાર ઝડપથી આગળ વધવા માટે તૈયાર

નવીદિલ્હી, તા. ૧૯

કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આવતીકાલે જીએસટી પુરક કાયદાઓના સંદર્ભમાં વિચારણા હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. જીએસટી પુરક મામલાઓને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ તેને લીલીઝંડી આપવામાં આવે તેવી શક્યતા છે. નવા પરોક્ષ કરવેરા વ્યવસ્થાને અમલી બનાવવા માટેની ટાર્ગેટ તારીખ પહેલી જુલાઈ નક્કી કરવામાં આવ્યા બાદ સરકારે ઝડપથી આ દિશામાં હિલચાલ હાથ ધરી છે. જે ચાર કાયદાઓ ઉપર વિચારણા કરવામાં આવનાર છે અને મંજુરી આપવામાં આવનાર છે તેમાં સેન્ટ્રલ-જીએસટી અથવા તો સી-જીએસટી, ઈન્ટેગ્રેટેડ-જીએસટી અથવા તો આઈ-જીએસટી, કેન્દ્રશાસિત પ્રદેશ-જીએસટી અથવા તો યુટી-જીએસટીનો સમાવેશ થાય છે. આના પર વિચારણા કરવામાં આવ્યા બાદ લીલીઝંડી આપવામાં આવી શકે છે. કેબિનેટની બેઠક આવતીકાલે સવારે બોલાવવામાં આવી છે. એજન્ડા અંગે કોઈ વાત કરવામાં આવી નથી. જીએસટી કાઉન્સિલે તેની અગાઉની બે બેઠકોમાં ચાર કાયદાઓને મંજુરી આપી હતી. સાથે સાથે સ્ટેટ જીએસટી બિલને પણ મંજુરી આપવામાં આવી છે. એસ જીએસટી સંબંધિત રાજ્ય વિધાનસભાઓ દ્વારા પસાર કરવામાં આવનાર છે. અન્ય ચાર કાયદાઓને સંસદ દ્વારા મંજુરી આપવામાં આવનાર છે. એક વખતે આને મંજુરી મળી ગયા બાદ જીએસટીને કાયદેસરનો ટેકો મળી જશે. સરકારને આશા છે કે, સંસદના વર્તમાન સત્રમાં જ સી-જીએસટી, ઈન્ટેગ્રેટેડ-જીએસટી અથવા તો આઈ-જીએસટી, કેન્દ્રશાસિત પ્રદેશ-જીએસટી અથવા તો યુટી-જીએસટીને મંજુરી મળી જશે.

છત્તીસગઢમાં પાંચ નક્સલી ઠાર

શસ્ત્રોનો જથ્થો જપ્ત : ચોક્કસ બાતમીના આધારે નક્સલવાદ વિરોધી ઓપરેશન હાથ ધરાયું : સામ સામે ભીષણ અથડામણમાં બે પોલીસ જવાન પણ શહીદ થયા : અન્ય ત્રણ જવાન ઇજાગ્રસ્ત થતાં સારવાર હેઠળ

રાયપુર, તા. ૧૯

છત્તીસગઢના હિંસાગ્રસ્ત દાંતેવાડા જિલ્લામાં સુરક્ષા જવાનો અને બળવાખોરો વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં એક મહિલા સહિત ઓછામાં ઓછા પાંચ નક્સલી માર્યા ગયા છે જ્યારે બે પોલીસ જવાનો પણ શહીદ થયા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો મળી આવ્યો છે. ઘાયલ થયેલા સુરક્ષા જવાનોમાં બે સબ ઈન્સ્પેક્ટરોનો સમાવેશ થાય છે. સામ સામે અથડામણમાં ઘાયલ થયેલા એક નક્સલવાદીની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. વહેલી પરોઢે રાજ્ય પોલીસના ડિસ્ટ્રીક્ટ રિઝર્વ ગ્રુપ અને બળવાખોર વચ્ચે આરનપુર પોલીસ સ્ટેશનની હદ હેઠળ બદગામ ગામના વન્ય વિસ્તારમાં અથડામણ થઈ હતી. માર્યા ગયેલા પાંચ બળવાખોરોના મૃતદેહ હાથ લાગ્યા છે જેમાં બે મહિલાઓનો સમાવેશ થાય છે. માર્યા ગયેલા બળવાખોરો માલાનગીર એરિયા કમિટિના સભ્યો હતા. આ ઉપરાંત અથડામણમાં બે સુરક્ષા જવાન શહીદ થયા છે. ચોક્કસ બાતમી મળ્યા બાદ આરનપુરના ચોક્કસ વિસ્તારમાં માઓવાદ વિરોધી ઓપરેશન હાથ

● અનુસંધાન પાન-૭ પર

રાંચી ટેસ્ટમાં ભારતના નવ વિકેટે ૬૦૩ રન

ચેતેશ્વર પુજારાએ મક્કમ બેવડી સદી ફટકારી : ભારતને ટેસ્ટ મેચમાં જીત મેળવવાની તક : ઓસ્ટ્રેલિયાએ માત્ર ૨૩ રનમાં બે વિકેટ ગુમાવી

રાંચી,તા. ૧૮

રાંચી મેદાન પર રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચના આજે ચોથા દિવસે ટેસ્ટ મેચ ખુબ જ રોમાંચક બની ગઈ હતી. ભારતે સ્થિતિ મજબૂત કરી લીધી હતી. આજે ચોથા દિવસે રમત બંધ રહી ત્યારે ઓસ્ટ્રેલિયાના પ્રથમ દાવમાં ૪૫૧ રન ઓલઆઉટના જવાબમાં ભારતીય ટીમે નવ વિકેટે ૬૦૩ રન બનાવી દાવ ડિક્લેર કર્યા પછી ઓસ્ટ્રેલિયાની બે વિકેટ પણ ઝડપી લીધી હતી. ઓસ્ટ્રેલિયાએ ૨૩ રનમાં જ બે વિકેટ ગુમાવી દીધી છે. આવી સ્થિતિમાં આવતીકાલે જો જાડેજા તરખાટ મચાવશે તો ભારતને શ્રેણીમાં ૨-૧ની લીડ મેળવી લેવાની તક રહેલી છે. આજે રમત બંધ રહી ત્યારે રેનશો સાત રન સાથે રમતમાં હતો. વોર્નર ફરી એકવાર ફ્લોપ રહેતા ૧૪ રન કરીને આઉટ થયો હતો. જાડેજાએ ત્રણ ઓવરમાં જ બે વિકેટ ઝડપી લીધી છે જે ભારત માટે ખુબ સારા સંકેત તરીકે છે. અગાઉ આજે પુજારાએ બેવડી સદી ફટકારી હતી. તે ૨૦૨ રન કરીને આઉટ થયો હતો. ટેસ્ટ ક્રિકેટમાં પુજારાએ સૌથી લાંબી ઈનિંગ્સ રમવાનો રેકોર્ડ સર્જ્યો હતો. રાંચીના મેદાન પર શરૂ થયેલી ત્રીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે જ

● અનુસંધાન પાન-૭ પર